


# કૃષિ ઈજનેરી અને ટેકનૉલોજિ કોલેજ
# આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરા

કૃષિ ઈજનેરી અને ટેકનૉલોજિ કોલેજ, ગોધરા, આણંદ કૃષિ યુનિવર્સિટી , ખાતે **આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવણીના ભાગરૂપે તા. ૦૮ માર્ચના** રોજ સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ કોલેજમાં અભ્યાસ કરતા વિધ્યાર્થી/વિધ્યાર્થિનીઓ, કર્મચારીઓ, તથા કેમ્પસમાં રહેતી મહિલાઓ માટે **“ સ્ત્રીને લગતા કાયદા અને સામાજિક વિચારસરણી”** તથા **“સ્વસ્થ્ય મહિલા સ્વસ્થ ભારત”** વિષય પર **એક દિવસીય વર્કશોપ** કાર્યક્રમ, આયોજિત કરવામાં આવેલ. સદર કાર્યક્રમમાં કોલેજની વિધ્યાર્થિનીઓ, સ્ટાફ તેમજ કેમ્પસમાં રહેતી મહિલાઓએ હાજરી આપી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રો. હેતલ તન્ના, મદદનીશ પ્રાધ્યાપક અને ચેરપર્સન, કોલેજ વુમેન સેલ, દ્વારા પધારેલ મહેમાનો, મહેમાન વ્યાખ્યાતા, સર્વે અધિકારી/કર્મચારી ગણ, કેમ્પસની મહિલાઓ, વિધ્યાર્થીઓ/વિધ્યાર્થિનીઓનું શાબ્દિક સ્વાગત કર્યું તથા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ-૨૦૨૨ ના સ્લોગન “Gender equality today for sustainable tomorrow” વિશે વાત કરી. ત્યારબાદ ઈજ. કપિલ મંડલોઇ, મદદનીશ પ્રાધ્યાપક અને વિભાગીય વડાશ્રી, બીઇએએસ વિભાગ દ્વારા વર્કશોપને અનુરૂપ ઉદ્બોદન કર્યું અને તેમણે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે સ્ત્રીઓએ પોતાની જાતે જ સશક્ત થવુ જોઈએ. ડૉ. આર. સુબ્બૈયાહ, આચાર્ય અને વિધ્યાશાખાધ્યક્ષશ્રી, કૃ.ઈ.ટે.કો. દ્વારા કૃષિ ક્ષેત્રે મહિલાઓનું યોગદાન તથા સશક્તિકરણ વિષય પર માર્ગદર્શન આપ્યું. તેમજ આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની તમામ મહિલાઓને શુભેચ્છા પાઠવી હતી. વર્કશોપમાં હાજર રહેલ મહેમાન શ્રીમતી લલિતા સુબ્બૈયાહ મેડમે નારી શિક્ષા વિશે પ્રોત્સાહન આપ્યું હતું. વર્કશોપમાં પધારેલ મહેમાન વ્યાખ્યાતા **શ્રી વૈદેહી દાણી(એડ્વોકેટ અને નોટરી)** દ્વારા “સ્ત્રીને લગતા કાયદા અને સામાજિક વિચારસરણી” પર સુંદર અને સચોટ માર્ગદર્શન આપ્યું તથા વિધાર્થીઓને પોતાની આસપાસ રહેતી મહિલાઓને કેવી રીતે મદદરૂપ થઈ શકાય તેની વિશેષ માહિતી આપી . તેમજ બીજા મહેમાન વ્યાખ્યાતા **ડૉ. મનીષા મેહતા( ENT સ્પેશિયાલિસ્ટ)** દ્વારા “સ્વસ્થ મહિલા સ્વસ્થ ભારત” પર મહિલાના જીવનમાં સ્વાસ્થ્યને લગતા વિશેષ ચાર તબક્કા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. કાર્યક્રમમાં વિધ્યાર્થિનીઓ દ્વારા વર્કશોપને અનુરૂપ ખૂબ જ સરસ નૃત્ય, એકપાત્રિય અભિનય, વકૃત્વ કરવામાં આવેલ.

વિધ્યાર્થી/વિધ્યાર્થિનીઓ, કર્મચારીઓ, તથા કેમ્પસમાં રહેતી મહિલાઓ દ્વારા ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો અને આ પ્રકારની વર્ક્શોપનું સમયાંતરે આયોજન થાય તેન નિદર્શન પણ કરેલ.

કાર્યક્રમના અંતે ઈજ. ખ્યાતિ વ્યાસ દ્વારા વર્કશોપમાં હાજર રહેલ તમામ મહેમાનો, મહેમાન વ્યાખ્યાતા, સર્વે અધિકારી/કર્મચારી ગણ, વિદ્યાર્થીઓ /વિધ્યાર્થિનીઓ, કેમ્પસમાંથી પધારેલ મહિલાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં હાજર તમામએ રાષ્ટ્ર ગીત ગાન કરીને કાર્યક્રમની સમાપ્તિ કરી હતી.

# કાર્યક્રમની ઝાંખી











 


૮ માર્ચ-૨૦૨૨, 'ઇન્ટરનેશનલ વુમન્સ ડે'

એક ઊંડી સમજ અને શક્તિ છે 'સ્ત્રી'

દરેક સ્વરૂપમાં સંભાળનું બીજું નામ એટ્લે 'સ્ત્રી'

પાંપણો ભીની ને સ્મિત ચેહરે એટલે 'સ્ત્રી'

આંખોમાં સ્વીકાર ભાવ એટલે 'સ્ત્રી'

બોલી-બોલીને સુધારે ભૂલો એટલે 'સ્ત્રી'

મૌનને પણ સરળતાથી સમજી શકે એટલે 'સ્ત્રી'

સહનશીલતા જેની શક્તિ એટલે 'સ્ત્રી'

સહજ ભાવે અન્યાય સામે નીડર થઈ લડે એટલે 'સ્ત્રી'

તાકાત ક્યારેક અવિચલ એટલે 'સ્ત્રી'

કોમળતા ફૂલ જેવી ક્યારેક એટલે 'સ્ત્રી'

શક્તિનો ભંડાર છે એ પણ વ્યકત નથી કરતી..

અવ્યક્તને પણ ભાષા સમજતી જે એટલે 'સ્ત્રી'

નીરવ એમ.સોલંકી-'નિર્દોષ
ફોરમેન ઇન્સ્ટ્રક્ટર
કૃઈટેકો, આકૃયુ ગોધરા